**કે.વી.ઉપાધ્યાય.**
**એ.પી.પી.**
**ઍડિ.ચીફ મૅટ્રો.મૅજિ.શ્રીની કૉર્ટ,**
**કૉર્ટ નં. ૯, અમદાવાદ.**
**તા.૧૦/૦૨/૨૦૧૮.**

**પ્રતિ,**
**માનનીય ઍડિશનલ ચીફ મૅટ્રો.મૅજિ.સાહેબશ્રી,**
**ઍડિશનલ ચીફ મૅટ્રોપૉલીટન મૅજિસ્ટ્રેટ કૉર્ટ નં. ૯,**
**ઘીકાંટા, અમદાવાદ.**

**વિષય : ડૉરમૅન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ કેસો પરત ખેંચવા પરવાનગી આપવા બાબત.**

**માનનીય સાહેબશ્રી,**

ઉપરોક્ત વિષય અન્વયે આપ સાહેબશ્રીને જણાવવાનું કે, ફોજદારી કેસ નં. ૯૦૦૩૨૭/૨૦૦૩, જે ડૉરમૅન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ, તે કેસ મહે. જિલ્લા મૅજિસ્ટ્રેટ સાહેબ, અમદાવાદ ધ્વારા ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડૉરમૅન્ટ કેસ પરત/૦૧/૨૦૧૮, તારીખ ૦૯/૦૨/૨૦૧૮ નાં હુકમ અન્વયે પરત ખેંચવા માટે હુકમ કરવામાં આવેલ છે, જે અન્વયે સદર કેસ કૉર્ટમાંથી પાછા ખેંચી લેવા મંજૂરી આપવામાં આવેલ છે. જેનાં અનુસંધાને સદર ફોજદારી કેસ પરત ખેંચવા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરવાનગી આપવા વિનંતી.

**( કે.વી.ઉપાધ્યાય.)**
**એ.પી.પી.**
**ઍડિશનલ ચીફ મૅટ્રોપૉલીટન મૅજિસ્ટ્રેટશ્રીની**
**કૉર્ટ નં. ૯, અમદાવાદ.**

એ.પી.પી.શ્રી કે.વી.ઉપાધ્યાય ધ્વારા રજૂ કરવામાં આવેલ સદર અરજી વંચાણે લેવામાં આવી. જેની સાથે મહે. જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ધ્વારા કરવામાં આવેલ હુકમ ધ્યાને લેવામાં આવ્યો તેમજ સદર કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા લગાડવામાં આવેલ કલમો ધ્યાને લેતાં, હાલનાં તબકકે એ.પી.પી.શ્રીને સદર ફોજદારી કેસ પરત ખેંચવા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરવાનગી આપવામાં આવે છે.

**ઍડિશનલ ચીફ મૅટ્રોપૉલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં. ૯, અમદાવાદ.**
**તારીખ ૧૦/૦૨/૨૦૧૮.**

**કે.વી.ઉપાધ્યાય.**
**એ.પી.પી.**
**ઍડિ.ચીફ મૅટ્રો.મૅજિ.શ્રીની કૅાર્ટ,**
**કૅાર્ટ નં. ૯, અમદાવાદ.**
**તા.૧૦/૦૨/૨૦૧૮.**

**પ્રતિ,**
**માનનીય ઍડિશનલ ચીફ મૅટ્રો.મૅજિ.સાહેબશ્રી,**
**ઍડિશનલ ચીફ મૅટ્રોપૅાલીટન મૅજિસ્ટ્રેટ કૅાર્ટ નં. ૯,**
**ઘીકાંટા, અમદાવાદ.**

**<u>વિષય</u> : ડૅારમૅન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ કેસો પરત ખેંચવા <u>પરવાનગી આપવા બાબત.</u>**

**માનનીય સાહેબશ્રી,**

ઉપરોકત વિષય અન્વયે આપ સાહેબશ્રીને જણાવવાનું કે, ફોજદારી કેસ નં. ૯૦૦૩૨૭/૨૦૦૩, જે ડૅારમૅન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ, તે કેસ મહે. જિલ્લા મૅજિસ્ટ્રેટ સાહેબ, અમદાવાદ ધ્વારા ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડૅારમૅન્ટ કેસ પરત/૦૧/૨૦૧૮, તારીખ ૦૯/૦૨/૨૦૧૮ નાં હુકમ અન્વયે પરત ખેંચવા માટે હુકમ કરવામાં આવેલ છે, જે અન્વયે સદર કેસ કૅાર્ટમાંથી પાછા ખેંચી લેવા અત્રેની અદાલત ધ્વારા પરવાનગી આપવામાં આવેલ છે. જે અન્વયે સદર કેસ અમો પરત ખેંચીએ છીએ, જે નામદાર કોર્ટને જાહેર થાય.

**( કે.વી.ઉપાધ્યાય.)**
**એ.પી.પી.,**
**ઍડિશનલ ચીફ મૅટ્રોપૅાલીટન મૅજિસ્ટ્રેટશ્રીની**
**કૅાર્ટ નં. ૯, અમદાવાદ.**

**RECORDED**

**ઍડિશનલ ચીફ મૅટ્રોપૅાલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૅાર્ટ નં. ૯, અમદાવાદ.**
**તારીખ ૧૦/૦૨/૨૦૧૮.**

**<u>ફોજદારી કેસ નં. ૯૦૦૩૨૭/૨૦૦૩</u>**

**<u>–: આંક–૧ લગત હુકમ :–</u>**

તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે તપાસ પૂર્ણ કરી, અત્રેની અદાલતમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ અન્વયે રિપોર્ટ રજૂ કરેલ. જેનાં અનુસંધાને આરોપીની ગેરહાજરીનાં કારણે સદર કામ ક્રિમિનલ મેન્યુઅલનાં પેરા–૨૧૧ અન્વયે ડોરમેન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ અને ડોરમેન્ટ રજિસ્ટરે મૂકયા બાદ પણ આરોપી મળી આવેલ ન હતાં. જેનાં અનુસંધાને સદર ફોજદારી કેસ પરત ખેંચવા માટે અત્રેની અદાલતમાંથી પત્ર લખવામાં આવેલ. જેનાં એ.પી.પી.શ્રી કે.વી.ઉપાધ્યાય ધ્વારા સદર ફોજદારી કેસ, જે ડોરમેન્ટ રજિસ્ટરે મૂકવામાં આવેલ છે, તે પરત ખેંચવા પાત્ર છે, તે મુજબની ભલામણ કરવામાં આવેલ. ત્યાર બાદ મહે. જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદનાઓ ધ્વારા ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડૉરમૅન્ટ કેસ પરત/ ૦૧/૨૦૧૮, તારીખ ૦૯/૦૨/૨૦૧૮ નાં હુકમ અન્વયે પરત ખેંચવા મંજૂરી આપેલ. જે મંજૂરીનાં અનુસંધાને એ.પી.પી.શ્રી ધ્વારા અત્રેની અદાલતમાં અલાયદા પુરસીસથી સદર ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ. જે અન્વયે એ.પી.પી.શ્રીને ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવેલ, જે પરવાનગી અન્વયે એ.પી.પી.શ્રી ધ્વારા અલગ પુરસીસ રજૂ કરી, સદર કેસ પરત ખેંચવાની જાહેરાત કરવામાં આવેલ. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

એ.પી.પી.શ્રી ધ્વારા રજૂ કરવામાં આવેલ પુરસીસ અન્વયે સદર ફોજદારી કેસ એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવામાં આવતો હોઈ, જે અન્વયે સદર ફોજદારી કેસ બંધ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામાં આવે છે તેમજ તે સિવાયનો નોન–વેલ્યુએબલ મુદ્દામાલ વાહન કે પાસપોર્ટ સિવાય હોય, તો તે યોગ્ય સમય–મર્યાદા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૧૦/૦૨/૨૦૧૮.**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૅાર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**<u>Prakash B. Patel, P.A.</u>**